નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી,
૩/૫ મો માળ, શ્રમભવન, ખાનપુર, રુસ્તમ કામા માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન/ નં ૦૭૯-૨૫૫૦૨૩૪૯, ફેકસ નં.- ૦૭૯-૨૫૫૦૨૩૫૭.
સુરક્ષા સ્વાસ્થ્ય

ક્રમાંક/ડીઆઇએસએચ/એ-કાયદા/૨૦૨૩/ ૨૨૦૯ તારીખઃ ૨/૧૨/૨૦૨૩

વિષયઃ- પ્રોસેફ પ્રોસેસ એન્જીનીયરીંગ પ્રા.લી. ૭૧૯,૭૨૦,૭૨૨ વેસ્ટીર્ન બીઝનેસ પાર્ક, એસ.ડી.જૈનસ્કૂલ સામે, યુનિવર્સિટી રોડ, વેસુ, સુરત – ૩૯૫ ૦૦૭નેકારખાનાના શ્રમયોગીઓના આરોગ્ય અને કામમાં સલામતી અંગે તાલીમઆપતી સંસ્થા તરીકે મળેલ માન્યતા રીન્યુઅલ મંજુરી આપવા અંગે.....

વંચાણે લીધાઃ-(૧)પ્રોસેફ પ્રોસેસ એન્જીનીયરીંગ પ્રા.લી. ૭૧૯,૭૨૦,૭૨૨ વેસ્ટીર્ન બીઝનેસ પાર્ક, એસ.ડી.જૈન સ્કૂલ સામે, યુનિવર્સિટી રોડ, વેસુ, સુરત –૩૯૫ ૦૦૭નીતા.૧૭/૧૦/૨૦૨૩ની અરજી.

(૨) અત્રેની કચેરીના તા.૦૨/૧૨/૨૦૨૧ ના હુકમ ક્રમાંકઃડીઆઇએસએચ/એ-કાયદા/૧૭૨૬/ /૨૦૧૯

ઉક્ત ક્રમાંકઃ (૧) થી વંચાણે લીધેલ પ્રોસેફ પ્રોસેસ એન્જીનીયરીંગ પ્રા.લી. ૭૧૯,૭૨૦,૭૨૨ વેસ્ટીર્ન બીઝનેસ પાર્ક, એસ.ડી.જૈન સ્કૂલ સામે, યુનિવર્સિટી રોડ, વેસુ, સુરત – ૩૯૫ ૦૦૭.દ્વારા કારખાનાના શ્રમયોગીઓના આરોગ્ય અને કામમાં સલામતી અંગે તાલીમ આપવા સંસ્થા તરીકે મળેલ માન્યતા રીન્યુઅલ મંજૂરી આપવા તા. ૧૭/૧૦/૨૦૨૩ ના પત્રથી રજૂઆત કરેલ છે. ઉકત ક્રમાંકઃ (૨) થી વંચાણે લીધેલ આ કચેરીના તા.૦૨/૧૨/૨૦૨૧ થી બે વર્ષ માટે મંજુરી આપવામાં આવેલ.

## -૦ હુકમ ૦-

ઉક્ત ક્રમાંકઃ (૧) તેમજ (૨) અન્વયેના પત્રોને અનુલક્ષીને કારખાના ધારા-૧૯૪૮ની કલમ-૧૧૧(એ)થી નિયામક, ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, ગુજરાત રાજય, અમદાવાદને મળેલ સત્તાની રૂએ**પ્રોસેફ પ્રોસેસ એન્જીનીયરીંગ પ્રા.લી. ૭૧૯,૭૨૦,૭૨૨ વેસ્ટીર્ન બીઝનેસ પાર્ક, એસ.ડી.જૈનસ્કૂલ સામે, યુનિવર્સિટી રોડ, વેસુ, સુરત – ૩૯૫ ૦૦૭**ને કારખાનાના શ્રમયોગીઓના આરોગ્ય અને કામમાં સલામતી અંગે તાલીમ આપતી સંસ્થા તરીકે મળેલ માન્યતા ક્રમાંકઃ(૨) ની રીન્યુઅલ મંજુરી ને કારખાનાના કામ કરતાં શ્રમયોગીઓના આરોગ્ય અને કામમાં સલામતી અંગે તાલીમ આપવા માટે નીચેની શરતોએ આથી મંજુરી આપવામાં આવે છે.

-:શરતોઃ-

૧. આ મંજુરી આ પત્રની તારીખથી બે વર્ષ માટે અમલમાં રહેશે.

૨ દરેક તાલીમાર્થીને તાલીમ અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. જેમાં મંજુરીનો પત્ર ક્રમાંક,તારીખ તથા મંજુરીનો સમય ગાળો દર્શાવવાનો રહેશે.

3 શ્રમયોગીઓને આપવામાં આવેલ તાલીમ અંગેની માહિતી નીચેના પ્રફોર્મામાં ત્રિમાસિક (એટલે કે જાન્યુઆરી મહિનાની ૧લી તારીખથી, એપ્રીલ મહિનાની ૧લી તારીખથી, જુલાઇ મહિનાના૧લી તારીખથી,અને ઓકટોબર મહિનાની ૧લી તારીખથી શરૂ થતાં સળંગ ત્રણ મહિનાનો સમય)ધોરણે ત્રણ માસ પુરા થયેથી દિન-૭ માં ડાયરેકટર, ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ,ગુજરાત રાજય, અમદાવાદને તથા સ્થાનિક કચેરીને મોકલવાની રહેશે.

-૨-

પ્રફોર્મા

| અ. નં | શ્રમયોગીનું નામ અને હોદ્દો | કારખાનાનું નામ | તાલીમની તારીખ | તાલીમનો વિષય |
|---|---|---|---|---|
| | | | | |

૪. મંજુરી અપાયેલ સંસ્થાએ તાલીમ આપ્યા બાબતનું ઉપર મુજબનું રજીસ્ટર નિભાવવાનું રહેશે અને ડાયરેકટર, ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, ગુજરાત રાજય, અમદાવાદને તથા તેમના તાબા હેઠળના અન્ય અધિકારી મુલાકાત સમયે માંગે ત્યારે રજુ કરવાનું રહેશે.

૫ આ ખાતાના કોઇપણ અધિકારી સંસ્થાની અચાનક સ્થળ મુલાકાત લઇ શકશે અને મુલાકાત દરમ્યાન જો કોઇ અનિયમિતતા જણાશે તો આ મંજુરી રદ કરવામાં આવશે.

૬.. મંજુરી હુકમની મુદત પુરી થયા તારીખથી એક માસ અગાઉ રીન્યુઅલ અરજી કરવાની રહેશે.અન્યથા મંજુરી આપોઆપ રદ થયેલી ગણાશે.

૭. કોઇ પણ શરતોનો ભંગ જણાશે તો આપેલ મંજુરી રદ કરવામાં આવશે.

૮. આ મંજુરીનો ઉપયોગ અદાલતમાં કરી શકાશે નહીં.

P.M. Shah

ડાયરેકટર,
ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ,
ગુજરાત રાજય, અમદાવાદ.

Director Industrial Safety & Health, Gujarat State, AHMEDABAD, સત્યમેવ જયતે

પ્રતિ,
કબજેદારશ્રી,
પ્રોસેફ પ્રોસેસ એન્જી નીયરીંગ પ્રા.લી.
૭૧૯,૭૨૦,૭૨૨ વેસ્ટીર્ન બીઝનેસ પાર્ક, એસ.ડી.જૈન સ્કુીલ
સામે, યુનિવર્સિટી રોડ, વેસુ, સુરત – ૩૯૫ ૦૦૭

નકલ રવાના :- જાણ તથા જરુરી કાર્યવાહી અર્થે.

(૧) જોઇન્ટ ડાયરેકટરશ્રી, ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, સુરત.